સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

પક્ષમાં રહ્યું ન કોઇ, માત્ર હુદ્દા રહી ગયા!
નામ-શેષ રહ્યો વિરોધ, માત્ર મુદ્દા રહી ગયા!
જૂદાં થઇ ગયાં જૂથ, નામની રહી કોંગ્રેસ -
ફાટી ગયું દૂધ સંપનું માત્ર ફૂદ્દા રહી ગયા!

હાઈકુ

ખાતા ન અન્ન!
સભ્યો ને જરૂર શી?!
શૌચાલયની!!

કળિયુગમાં,
જીવન થયાં સસ્તાં -
'સોપારી' મોંઘી

ચિંતન

વિદ્વાનેવ વિજાનાતિ વિદ્વજ્જન પરિશ્રમમ્ । નહીં બંધ્યા વિજાનાતિ ગુર્વી પ્રસવ વેદનામ ॥

'વિદ્વાનો-કાર્યમાં નિપુણ-નિષ્ણાત લોકો એ કેટલો પરિશ્રમ કરી એ નિપુણતા-હોંશિયારી પ્રાપ્ત કરી છે એ માત્ર વિદ્વાનો જ જાણે છે. પ્રસૂતિની પીડા કેવી હોય એ વાંઝણીને કદાપિ ન સમજાય'

કોઇ પણ ક્ષેત્રમાં નિપુણતા-શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવામાં તપ-આરાધના-પ્રયાસના પુરૂષાર્થ કરવો પડે પછી સિદ્ધિ મળે - આવું તપ કરનારા વિદ્વાનો જ એ જાણતા હોય છે કારણે કે એ વેદના-પરિશ્રમમાંથી એ પસાર થયા હોય છે.

ચૂંટણીઓ પછી રાજકારણીઓ પ્રધાન બની ખૂરશી-સત્તાના સુખમાં મહાલતા થઇ જાય પણ એના પહેલાં કરોડો રૂપિયા ખર્ચી કરેલો પરિશ્રમ અને દોડાદોડીની પીડા એમને જ ખબર હોય છે!

નાનો એવો પંકચર કાઢતો કારીગર પણ તડકામાં એક નાની પેટી લઇ ઝાડ નીચે બેઠો હોય ત્યાંથી સાઇકલની દૂકાન કરે ત્યાં સુધીની સફરનું તપ - એનું મન જ જાણતું હોય છે.

વિદ્વતા-નિપુણતા પાછળનું તપ અને એનું મહત્ત્વ વિદ્વાન હોય તે જ સમજી શકે.

સુવિચાર

- જાત અટકી તોય ના અટકી પીડાની જાતરા.. જો અમે પથ્થર થયા તો ટાંકણા સામા મળ્યા.. **- રમેશ પારેખ**
- આંખમાં જે સ્થાન કીકીનું છે.. પુષ્પમાં જે સ્થાન સુવાસનું છે... સંસારમાં જે સ્થાન સંપત્તિનું છે.. આધ્યાત્મ જગતમાં એ સ્થાન ઉદારતાનું છે **- એસ. ભટ્ટાચાર્ય**
- બધા જ અવાજો આઘાતથી ઉત્પન્ન થાય છે... કોઇ પણ જાતના આઘાત વગર ભીતર નાદ પ્રગટે છે આથી એ નાદ ને 'અનાહતવાદ' કહ્યો છે.. એ નાદ જયારે ગુંજતો સંભળાય છે.. ત્યારે કોઇ ભાષાની જરૂર નથી **- રાજેશ વ્યાસ**
- જેવી રીતે વાદળ વગરનું સ્વચ્છ આભ હોઇ શકે.. બસ એવી જ રીતે વિચારો વગરનું મન હોઇ શકે **- જ્ઞાનસૂત્ર**
- વડાપ્રધાનની ભૂલ પણ સામાન્ય માણસ બતાવી શકે છે.. સલાહ આપે છે પણ પોતાનાની જિંદગીમાં દુઃખ પડે ત્યારે એ સમજણ ક્યાં ચાલી જાય છે? સાત દરિયા તરી શકતા હતા તે આંસુના એક ટીપામાં કેમ તરફડવા લાગ્યા? **- મોરારિ બાપુ**
- સમાજના છેડાના વર્ગની ઉપેક્ષા એ સૌથી મોટું રાષ્ટ્રીય પાપ છે- **રામમનોહર લોહિયા**
- મોટા ભાગના લોકો સ્વતંત્રતા ઇચ્છતા નથી કારણ કે એમને એની સાથે જવાબદારી માથે લેવી નથી **- મહંમદ અલી જીન્નાહ**

(સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

સંસારમાં સંઘર્ષ-અન્યાય થયા કરે છે એના મૂળમાં દુષ્ટ સ્વભાવના લોકો છે. વહેમ શંકા અને નકારાત્મક વિચારોથી વાતાવરણ ડહોળી નાખે છે પછી ભલે ઘર હોય કે સામાજિક કોઇ પણ ક્ષેત્ર - સજ્જન, કદી પોતાની સાર માણસાઇનો ત્યાગ કરતો નથી પરંતુ દુર્જન કદી તેને સુખ-શાંતિ લેવા દેતો નથી. વિના કારણ ખણખોદ કરવાનો દુષ્ટ-દુર્જનનો સ્વભાવ હોય છે.

ફકીરે ખૂદા પાસે દુઆ માગતાં કહ્યું - હે ખૂદા, જરા નઠારા લોકો પર પણ રહેમ કર!

રાહદારીએ પુછ્યું, 'બાબા! તમે આવી દુઆ કેમ માગો છો? ખૂદા પાસે તો સજ્જન માણસ પર રહેમ કરવાની દુઆ માગવી જોઇએ ને?'

ફકીરે સ્મિત સાથે જવાબ દીધો. 'ભલા માણસ સજ્જન માટે તો પ્રાર્થના કરવાની જરૂર જ શું છે? એ તો ખૂદાના જાતે જ બંદા છે. એ કદી સજ્જનતા છોડવાના નથી. નઠારા માણસને સદ્‌બુદ્ધિ મળે એને માટે પ્રાર્થના કરવાથી સજ્જન લોકોને જ એનું ફળ મળશે, અને ખૂદા દુષ્ટ પર રહેમ કરે તો એ પણ સજ્જન થઇ જાય ને?'

Email - sureshchandrabhatt18@gmail.com

તમો વિચારો તથા સંકલ્પોમાં સમાન રહી શ્રેષ્ઠ કાર્ય કરી સમાજને ઉન્નતિ શિખર પર લઈ જાઓ, તમો સૌ સમાન વિચારસરણીને અનુસરી શ્રેષ્ઠ જીવન જીવો

સંસ્કાર ચિંતન

- અનંત ન. વ્યાસ

'સમાનો મન્ત્રઃ સમિતિ સમાનિ, સમાનં મન ચિત્તમેષામ્
સમાનં મન્ત્રમિઃ મન્ત્રયે વઃ સમાનેન વો હવિષા જુહોમિ'

આપ બધાની પ્રાર્થના એક સમાન થાઓ. પરસ્પરનું મિલન ભેદભાવ વિનાનું ઐક્ય સ્થાપન કરનારું થાઓ. આપનું સમગ્ર વિચારતંત્ર સમાન હો, તમારા સંકલ્પો પણ સમાન સ્વરૂપના હો. તમો સંગઠિત થઇ તમારા કાર્યો પૂરા કરો. તે માટે આહુતિ છે.

(ઋગ્વેદ ૧૦. ૧૯૧.૩)

ઋગ્વેદનો આ મંત્ર અભ્યાસ પૂરો કરી પરત જતા આશ્રમવાસી વિદ્યાર્થીઓ માટેના દિક્ષાંત પ્રવચનમાં છે. આશ્રમવાસીઓનાં દૈનિક પરિચયમાં આવતાં ગુરૂજી તેઓનાં ચિત્ત-પ્રવાહથી પરિચિત તો હોય જ. તેઓને જણાયું હશે કે માનવ - મનની નબળાઇના કારણે પરસ્પર આશંકા-અવિશ્વાસ, તથા રાગ અને દ્વેષના ભાવો આ લોકોના ચિત્તમાં પ્રવેશી ગયા છે. દિક્ષાંત પ્રવચનમાં આ ઝેરને નિચોવી કાઢવા માટે, તથા પ્રાપ્ત વિદ્યાની જયોતિ વડે અજ્ઞાનનો નાશ કરી ભવિષ્યમાં સમાજમાં કેમ વર્તવું તેની સ્પષ્ટ ઝલક આપવામાં આવી છે. 'ઐતરૈય ઉપનિષદમાં પણ દિક્ષાંત પ્રવચનમાં ગુરૂ ઉપદેશ આપતાં કહે છે' અમારા સત્ - અરિતનું તમારે અનુકરણ કરવું અમારી ભૂલોનું નહિં'

અહીં ગુરૂ પણ એ જ વાત કરે છે. તમો આશ્રમ છોડી હવે ગૃહાસ્થાશ્રમમાં પ્રવેશવાના. ત્યારે તમારે વિચારપૂર્વકનું વર્તન કરવાનું હોય છે. સમાજના નાના મોટા પ્રશ્નો સમાજને ઉપયોગી થાય તેવા કાર્યો કરવાનાં છે. આ માટે તમારા પરસ્પરના મીલન સમયે તમારા ચિત્તમાં અન્ય પ્રાર્થે શંકા કે અવિશ્વાસનો ભાવ ન હોવો જોઇએ. તમારું મિલન પૂર્ણતઃ ઐક્ય દર્શાવતું હશે. ભેદભાવ વિનાનું હશે તો જ તમારા કાર્યોમાં પ્રાણ પુરાશે. ભેદભાવથી તો આંતરિક દુશ્મનાવટ ઊભી થાય છે. પરસ્પરના મિલન સમયે સંપૂર્ણ વિશ્વસનીય વાતાવરણ હોવું જરૂરી છે. જયાં સુધી તમો સૌ પોતપોતાના વ્યક્તિગત સ્વાર્થો છોડી સમાન સામાજિક કામો માટે કટિબદ્ધ થતો નહિં ત્યાં સુધી સમાજમાં પ્રગતિ થવાનો સંભવ નથી. જે સમાજમાં વધારે ને વધારે લોકો એક મન. વિચાર તથા એક સંકલ્પ ધરાવતાં હોય તે પ્રજા તેજસ્વી હોય છે. તેઓજ ઉન્નતિ સાધી શકે છે.

ગુરૂની વાત વિચારણીય છે. આપણે ત્યાં મંત્ર, શાપ તથા આશિષ સનાતન તત્વો છે. મંત્ર કાળ - નિરપેક્ષ છે. મંત્ર ગમે તે સમયે ઉચ્ચાયો હોય, તેની અસર કાલાતીત હોય છે. આ રીતે વેદની ઋચાઓ ચિરંજીવ છે. આજના યુગમાં પણ આ મંત્ર સમયોચિત્ત જ છે. કારણ કે આપણો સમાજ ઐક્ય સ્થાપવાને બદલે વધારેમાં વધારે વિભાજિત થવા તરફ ગતિ કરતો રહ્યો છે. અન્ય ધર્મોએ ઐક્યને કારણે જ પ્રગતિ કરી છે. તે તરફ જરા પણ ન જોતાં આપણે નવા નવા સંપ્રદાયો સ્થાપતા જઇએ છીએ. આર્થિક ક્ષેત્રે જાપાન તથા જર્મનીની પ્રગતિને નજર અંદાજ કરી સંપત્તિ ઘરભેગી કરવામાં રચ્યાપચ્યા રહીએ છીએ. ખેતીપ્રધાન ગણાતા દેશમાં 'ઇઝરાયેલ' પાસેથી ખેતી વિદ્યા શીખવી પડે તેવી સ્થિતિ છે. આ સૌનું કારણ આપણા મનમાં તથા વિચારોની એકતાનો અભાવ છે. વ્યક્તિઓ પરસ્પર સ્નેહના તાંતણે કે ઐક્યની ભાવના વડે બંધાયેલ હોય તો જ સમાન ટકી શકે જયાં જયાં ભાવનાત્મક ઐક્ય હોય ત્યાં ત્યાગની ભાવના પ્રબળ હોય છે. 'હું' કે 'મારું' નહિં પણ આ કામ આપણા સૌનું છે તેવી ભાવનાથી કાર્ય થાય તો કામ દીપે. પરસ્પરના પ્રેમ તથા વિશ્વાસને કારણે કોઇના હિતને નુકશાન ન થાય તેવી કાળજી લેવાવી જોઇએ. સેવાભાવના ખીલે તો સંગઠિત કામોમાં સલામતીની ભાવના પણ સંતોષાય. વ્યક્તિગત કાર્યમાં કંઇ બોલી શકતા નથી વળી સાથે સાતે કામ કરતાં વ્યક્તિત્વનો સારી પેઠે વિકાસ થાય છે. પ્રામાણિકતા, નીતિમયતા, તથા સમય - પ્રતિબદ્ધતા યોગ્ય રીતે જળવાય છે. વ્યક્તિગત કાર્યમાં આર્થિક અપેક્ષાઓ વધારે રાખવામાં આવતી હોય છે. જયારે સંગઠિત કાર્યોમાં કામનો આનંદ મહત્ત્વનો બને છે.

ઐક્યની ભાવના પ્રબળત્તમ બને તે માટેના વાસ્તવિક પગલાંમાં પ્રાર્થના આવે છે. મહાત્માજીએ પ્રાર્થનાને તે કારણે જ મહત્ત્વ આપ્યું છે. આપણી પ્રાર્થના તથા સ્વતિમંત્રી સમાન હોવા અતિ જરૂરી છે. માનવ - મન એટલું તો સંવેદનશીલ છે કે નાના મોટા પ્રશ્ન સમજવા કરતાં અસહકાર કરવાનું ચિત્તને વધારે ગમે છે. પરમપિતા પરત્વેની આપણી ભાવના કે માન્યતા વિભિન્ન હોઇ શકે. પરંતુ પ્રાર્થના તો સમાન જ હોય. કારણ પ્રાર્થના આર્દ - ચિત્તનો પોકાર છે. પ્રાર્થના આપણા હૃદયના ભાવો અભિવ્યક્ત કરે છે. સમાન પ્રાર્થના આપણા મન ચિત્તને સાથે સાંકળે છે. હૃદય-મની એકતા સધાતા એ સમય પુરતા અવિશ્વાસના ભાવો લુપ્ત થાય છે. જે બનાવ વારંવારની પ્રાર્થનાની સ્થાયી બને છે.

વિચારોની એકતા પ્રબળ સાધન છે. વ્યક્તિગત વિચાર કદાચ વિસ્ફોટક ન બને પરંતુ સંગઠિત સમાજનો સમાન વિચાર ભારે ક્રાન્તિ સર્જી શકે છે. ફ્રેન્ચ ક્રાંતિ, રશિયન ક્રાંતિ કે અન્ય જગાઓ પર થયેલા ભારે રાજકીય પરિવર્તનોના પાયામાં સમાન વિચારો જ પાયામાં હતા. વિચારોનાં પરસ્પરના આપલેના કારણે વ્યક્તિઓ સંપર્કમાં આવે છે. તેનાથી એક સંગઠન સધાય છે. આવું સંગઠન એક ચોક્કસ હેતુ પાર પાડવા કાર્યરત બને છે. વિચારોનાં પરસ્પરના આદાન-પ્રદાનના લીધે સંકલ્પશક્તિ કેળવાય છે. સંકલ્પશક્તિ જ તમામ પ્રકારના પરિવર્તનની માતા છે.

સંગઠિત સંકલ્પશક્તિની જેમ વ્યક્તિગત સંકલ્પ પણ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આપણી વ્યક્તિગત સંકલ્પશક્તિ આપણને ઉન્નતિના ઉચ્ચ સ્તર પર પહોંચાડે છે. તો સંકલ્પરહિતતા અવનતિના ગર્તમાં નાખી દે છે એક વ્યક્તિના સંકલ્પે ઇતિહાસ બદલાયો છે. 'ચાણક્યે' નંદવશનો નાશ કર્યો. તો શિવાજીએ દક્ષિણ ભારતમાં મુસ્લિમ પ્રવેશ અટકાવ્યો. વ્યક્તિગત સંકલ્પશક્તિનો જાગૃત દાખલો તુર્કસ્તાનનો છે જયાં એક વ્યક્તિને સંકલ્પે તુર્કસ્તાન વાંચતુ લખતું થયું. ( ) ની પદ્ધતિ અપનાવી. કમાલ પાશાએ માત્ર એક દસકામાં પછાત તુર્કસ્તાનને અગ્રીમ હરોળમાં મુકી દીધું. ચીનમાં પણમાં સંકલ્પશક્તિના કારણે નવી સત્તા સ્થપાઇ. ઉત્તર ભારતમાં એક મહિનાની સંકલ્પશક્તિએ ગામે નવો કુવો આપ્યો. જો વ્યક્તિગત સંકલ્પમાં આટલું બળ હોય તો સમાન વિચાર-ધારકોની સમાન શક્તિના બળનું પુંછવું જ શું?

જેમ સ્નેહનું વિકૃત રૂપ મોહ છે તેમ સંગઠનનું વિકૃત-સ્વરૂપ સરમુખત્યારશાહી છે. સમાજમાં ઘણાં માણસો વધારે પડતાં મહત્ત્વકાંક્ષી હોય છે. આવા માણસો સંગઠનમાં આવી ધીમે ધીમે સર્વ સત્તાધીશ બની જાય છે. આવી વ્યક્તિઓ સમાજના ભલા માટે નહિં પરંતુ પોતાના સ્વાર્થ માટે સંગઠનનો ઉપયોગ કરે છે. તેમની આસક્તિ કાર્યમાં નહિં પરંતુ રૂપ, સત્તા કે સંપત્તિ ભોગવવામાં હોય છે. તેમનાં સંબંધો પણ સ્વાર્થની સંધાયા હોય છે. તેઓ પોતાના સાથીદારો પાસેથી ગુલામીની અપેક્ષા રાખે છે. ઘણીવાર આવી સરમુખત્યારશાહી પરોપકારનું રૂપ લઇને પણ આવે છે. તેનો આશય તો સંગઠનના પાત્રો પર નિયંત્રણ જમાવાનો. તેના પર અધિકાર સ્થાપવાનો હોય છે.

સાચા સંગઠનમાં નિઃસ્વાર્થતા હોય છે. સમર્પણની ભાવના હોય છે. સર્વના વિકાસની વાત મુખ્ય હોય છે. ત્યારે અધિકારની ભાવનામાં વિપરિતતા દેખાય છે. વ્યક્તિગત રીતે સૌ પોતપોતાની રીતે વિચારવા સ્વતંત્ર હોય છે. પરંતુ જયારે સામાજિક કાર્ય હોય ત્યારે સૌએ સમાન ભાવે વિચારવું જોઇએ. માટે જ ઋષિ પોતાના સંદેશામાં સ્પષ્ટ જણાવે છે. કે તમારા હૃદયના ભાવે એક સમાન હો. તમો વિચારો તથા સંકલ્પોમાં સમાન રહી શ્રેષ્ઠ કાર્ય કરી સમાજને ઉન્નતિ શિખર પર લઇ જાઓ. તમો સૌ સમાન વિચારસરણીને અનુસરી શ્રેષ્ઠ જીવન જીવો.

નિવૃત્તિને પ્રવૃત્તિમય બનાવો, નિવૃત્તિને પચાવતાં શીખો

ચેતનાનો સમય

પ્રો. ઇન્દુભાઇ ભટ્ટ

આખી જિંદગી નોકરીના કામમાં, ધંધાકીય કામમાં, કૌટુંબિક જવાબદારીઓ નિભાવવાના કામમાં, કૌટુંબિક - સામાજિક વ્યવહારોનો બોજ ઉઠાવવામાં પ્રવૃત્તિમય રહેવામાં સમય વિતાવ્યા પછી તમે વિશ્રાતિ ઇચ્છતા હતા. તો હવે એ વિશ્રાંતિનો - હાશકારાનો સમય એટલે નિવૃત્તિકાળ. તમારા નિવૃત્તિકાળને પ્રવૃત્તિમય બનાવો. નિવૃત્તિકાળમાં તમારે તમામ જાતની મોહમાયા, લોભ, અહંકાર, ભય, ચિંતા બધું જ છોડી દેવાનું છે. નિવૃત્તિમાં તમે કોઇ પણ મનગમતી પ્રવૃત્તિમાં તમારા મન અને શરીરને જોતરી દો. નિવૃત્તિમાં પ્રવૃત્તિમય રહેવાથી તનની અને મનની તંદુરસ્તી જળવાઇ રહેશે અને જીવન પ્રફુલ્લિત રહેશે. નિવૃત્તિ એટલે નિરાંતનો સમય. હાશકારાનો સમય, નિવૃત્તિ એટલે સંસારની તમામ આધિ - વ્યાધિ - ઉપાધિમાંથી મુક્ત થઇ એકાંતવાસ સેવવો. એકાંતવાસ સેવવો એટલે એનો અર્થ એવો નથી કે કુટુંબથી, મિત્રોથી, સગાસંબંધીઓથી, સમાજથી એકાંતવાસ સેવવો પરંતુ એકાંતવાસ એટલે તમારા જે કોઇ મોહમાયાના વળગણ હતા તેમાંથી મુક્ત થવું. એકાંતવાસ એટલે તમામ પ્રકારના લોભ, ભય, ચિંતા અને અહંકારમાંથી મુક્ત થઇ જવું. તમારા સંબંધોના તાણાવાણાને આનંદ-ઉત્સાહથી નિઃસ્વાર્થ ભાવે - કોઇ પણ જાતની અપેક્ષાઓ વગર એકબીજાના સેહવાસમાં આનંદ માણો અને બીજાને આનંદ પીરસતા રહો.

નિવૃત્તિકાળ એટલે તમામ પ્રકારની વૃત્તિઓમાંથી મુક્ત થવું. સાંસારિક વૃત્તિઓ, સ્વભાજન્ય વૃત્તિઓ, નઠારી વૃત્તિઓ, નઠારા વિચારો, આ તમામમાંથી મુક્ત થઇને નિવૃત્તિકાળના જીવનમાં અંતિમ માર્ગે મુસાફરી કરતાં કરતાં તમામ વળગણોમાંથી મુક્ત થઇ તમારા નિવૃત્તિકાળને સમાજસેવાના માર્ગે વાળી દો. સારાં સારાં પુસ્તકોનું વાંચન કરો. તમારી લેખન કળાને વિકસાવો. તમારે તમારા નિવૃત્તિકાળને સુખમય આનંદમય બનાવવા માટે અગાઉથી જ આયોજન કરવાનું છે. નિવૃત્તિકાળમાં પણ તમારે તમારી આજીવિકા માટે, કુટુંબની આજીવિકા માટે કોઇક નોકરી કામધંધામાં જોતરાઇ રહેવું પડે એ તમારા દુર્ભાગ્ય છે. હાં તમે કોઇ પણ પ્રવૃત્તિમાં જોડાઇ જાવ પણ જોતરાઇ ના જાવ. જોતરાઇ જવું પડે અર્થાત શરીર - મન થાકી ગયું હોય છતાં તમારી મઝબુરી છે કે બળદની જેમ જવાબદારીઓ નિભાવવી પડે તો તે નિવૃત્તિકાળ પ્રવૃત્તિકાળ નથી પણ ભાર વેંઢારવાનો કાળ છે. એટલે આવી નિવૃત્તિ શાંતિમય હોતી નથી. નિવૃત્તિકાળને શાંતિમય બનાવાય એવી કોઇ મનને તનને હૃદયને આનંદ અને સંતોષ મળે એવી પ્રવૃત્તિ. જેમાં જોડાઇ રહેવું એ તમારી સ્વતંત્રતા છે પણ જોતરાઇ રહેવું પડે તો તમે જિંદગીની અંતિમ ક્ષણો સુધી મજબુરીથી પ્રવૃત્ત રહો છો ત્યારે તમે જિંદગીભર કદી સાચા અર્થમાં નિવૃત્ત નહિં થાવ.

નિવૃત્તિકાળ ભોગવતાં નાગરિકોને સિનિયર સિટીઝન કહે છે. નિવૃત્તિકાળ એટલે વૃદ્ધાવસ્થાનો કાળ. તમે હવે વરિષ્ઠ નાગરિક બની ગયા છો. નિવૃત્તિકાળમાં તંદુરસ્તી જળવાઇ રહે તેવાં ખાનપાનની ટેવ પાડો. તમે તમારાં સંતાનો, સગાસંબંધીઓ, મિત્રો પાડોશીઓ આ બધા પાસેથી તમારી અપેક્ષાઓ પ્રમાણેનો વ્યવહારની અપેક્ષા ના રાખો. બીજાના કામમાં ખોટી બિનજરૂરી દખલગીરી ના કરો. બિનજરૂરી વણમાંગી સલાહસૂચના આપવાની ટેવ છોડી દો. તમે મોટી ઉંમરના છો, જ્ઞાની છો, અનુભવી છો એટલે નવરાં બેઠાં જેને તેને સલાહસૂચના આપવાનું ટાળો. તમારી ઇચ્છા પ્રમાણે જ બધા વર્તન વ્યવહાર કરે તેવી અપેક્ષા ના રાખો. નિવૃત્તિ કાળમાં તમારી જિંદગીની જે ઘરેડ હતી તે બદલાઇ જાય છે તમે જે રીતે ચીલાચાલુ જીવન જીવતાં હતાં તે તમામ રીતરસમો અને જીવનશૈલીમાં બદલાવ આવે છે. નિવૃત્તિકાળ એટલે નિરાંત અનુભવવાનો કાળ. નિવૃત્તિમાં પણ તમારા ભાગ્યમાં ફુરસદ ન મળે તો તે નિવૃત્તિ ભારરૂપ બની જાય છે. નિવૃત્તિમાં સુખ, શાંતિ, સલામતી, નિરાંત નિશ્ચિત થવું અને દોડધામ ભરી જિંદગીમાંથી મુક્ત થઇ હવે બાકીની જિંદગીને તમારે કોઇ પણ જાતના બોજા વગર, કોઇ પણ જાતની વૃત્તિઓમાં વિંટળાયા વગર જીવવાની છે. નિવૃત્તિમાં હઠાગ્રહો છોડી દો. મારે આજ જોઇએ તેજ જોઇશે, આના વગર મને નહિં ચાલે. એવો ભાવ છોડી દો. નિવૃત્તિકાળ એટલે સંસારની તમામ પ્રકારની ઝંઝટોમાંથી મુક્ત થઇને નિર્લેપભાવે જિંદગીને સંતોષપૂર્વક, આનંદપૂર્વક જીવવાનો કાળ છે.

કેટલાક લોકો તો નિવૃત્તિકાળનો કાળ અર્થાત વૃદ્ધાવસ્થામાં પણ સંતાનોની જવાબદારી વેંઢારવામાં પોતાને મહાન ગણે છે. પોતે જ સર્વસ્વ છે. પોતે જ હોંશિયાર છે અને સંતાનો પગભર થાય છતાં તેના જીવનમાં ઘોંચ પરોણા કરતાં રહે તેવો સ્વભાવ રાખી કદી નિવૃત્ત થતાં નથી. જેટલું ભેગું થાય તેટલું ભેગું કરો અને પછીથી ભોગવીશું પણ એ ભોગવવાનો સમય જ નથી આવતો. માણસ તેની તૃષ્ણાઓનો ત્યાગ ના કરે તો તે ઘાણીના બળદ જેવી જિંદગી જીવીને પોતાને જ પોતાનો ભારરૂપ બનાવે છે. જીવન અટપટું નથી પણ આપણે જ પોતે અટપટા છીએ અને જિંદગીને અટપટી બનાવીને જિંદગીની સરળતાને શાંતિને ગુમાવી દઇએ છીએ. વૃદ્ધાવસ્થામાં નિવૃત્તિકાળમાં હવે તમારે અટપટી જિંદગીમાંથી મુક્ત થવાનું છે. ખરાબ જુઓ નહિં, ખરાબ સાંભળો નહિં, ખરાબ બોલો નહિં.

ગની દહિંવાલાની એક ગઝલ સમજવા જેવી છે.

"આ એક નાનકડી દુનિયા છે, એ માંહે વસ્યા છો આવીને,
લાગે જો તમોને અંધારું તો દીપ જલાવો જીવનમાં"

નિવૃત્તિકાળને અંધારામય ના બનાવો. નિવૃત્તિકાળમાં અજવાળા પાથરો. બાલાશંકર કંથારીયાએ તેમની ગઝલમાં સમજવા જેવો સંદેશો આપ્યો છે.

"ભલો માણસ તને દુનિયા કહે એ સુખ મોટું છે
રહી નિર્મોહી શાંતિથી રહે એ સુખ મોટું છે
જગત - બાજીગરીનાં તું બધા છલબલ જવા દે છે
પ્રભુના નામના પુષ્પો પરોવી કાવ્યમાળા તું
પ્રભુની પ્યારી ગ્રીવામાં પહેરાવી પ્રીતે દે જે.
ન સાસ કે નઠારાની જરાયે સંગતે રહેજે
રહે ઉન્મત આનંદે ખરૂં એ સુખ માની લેજે
દુનિયા જુઠી વાણી વિષે જે દુખ વાસે છે
જરાયે અંતરે આનંદ ના ઓછો થવા દેજે.
નિજાનંદે હંમેશા મસ્તીમાં મજા લેજે."

મેળો : પ્રણયનો સૌથી મોટો મહાયજ્ઞ

મોરપીંછના રંગ

- ડૉ. કનૈયાલાલ ભટ્ટ



સૌરાષ્ટ્રની સાચી ઓળખ એની તળપદી - ગ્રામ્ય સંસ્કૃતિમાં છે અને આ સંસ્કૃતિનું મુખ્ય પરિબળ એના ઉત્સવો અને મેળાઓ છે. મેળાને એના લાક્ષણિક અર્થમાં જોઇએ તો મેળો એટલે 'મળવું'. ક્યારેક મેળો માત્ર બે માણસના મળવાથી ભરાય જાય છે. છલકાય જાય છે અને ક્યારેક મેળામાં હજારો - લાખો માણસો હોવા છતાં મેળો સાવ ખાલી ખાલી લાગે છે.

મેળા વિશે ગુજરાતી કાવ્ય સાહિત્યમાં ખુબ લખાયું છે. મેળો એ મેળો છે એનો એક આગવો રંગ છે મિજાજ છે. રોમાંચ છે. મેળાની રંગીનતા ભવ્ય છે એની કલ્પના રમ્ય છે. મનોગત છે. મેળાની અનુભૂતિ જ આનંદદાયક છે.

મેળાનું પહેલું દૃશ્ય જોઇએ તો રંગબેરંગી ફૂગ્ગાઓથી ભરેલા મેળામાં મોરપીંછના રંગો મનમાં ચીતરીને જતા લોકોના કપડાંઓના રંગો પણ અદ્‌ભુત ચિત્ર ખડું કરે છે. અહીંયા આકાશની છાતીમાં ચૂંબન કરવાના પ્રયત્નો કરતા ઊંચા-ઊંચા ચકડોળમાં બેઠેલાં લોકોના સપનાઓ પણ એટલા જ ઊંચે ચડતાં હોય છે. આ ચકડોળ એ માત્ર ચકડોળ નથી જીવનનું પ્રતીક છે. ઊંચાઇને પામવા માટે આરંભ છેક નીચેથી કરવો પડે છે અને ઊંચાઇએ પહોંચ્યા પછી ત્યાં કાયમ સ્થિર રહેવું પણ મુશ્કેલ છે પછી ત્યાંથી ચકડોળની જેમ નીચે ઊતરવું એ પણ એક ક્રમ છે. મૃત્યુથી ડરતા આપણે મેળામાં મોતનો કૂવો જોવા હર્ષભેર જઇએ છીએ. જેણે 'માણસ' નામના અદ્‌ભુત પાત્રનું સર્જન કર્યુ છે એવા જાદૂગરને ભૂલીને આપણે મેળાના જાદૂગરને જોવા જઇએ છીએ. વળી જેણે કદીયે એકપણ મંદિર નથી જોયું એવો ગરીબ માણસ નાના ડબ્બામાં કેમેરો ગોઠવી આપણને ચારધામની યાત્રા પણ કરાવે છે. તો વળી કેટલાક મેળામાં 'ગધેડો ગાય છે.' એવી જાહેરાત વાંચીને દસ-વીસ રૂપિયા ખર્ચીને જોવા જાય છે તો અંદર ગધેડો અને ગાય બાજુબાજુમાં ઉભેલાં હોય છે. એ વખતે અંદર જઇને ગધેડાને બદલે આપણે ગાવું પડે છે અને બહાર પણ હસતા મુખે નીકળવું પડે છે. મેળામાં ઘોડેસવારી કરીને આપણે શુરવીર-તેજસ્વી-પ્રતાપી રાજા-મહારાજાના વંશજ હોવાનો કાલ્પનિક આનંદ મફતમાં લઇ શકીએ છીએ. ક્યારેક આવી શાહી સવારી વખતે સામેથી ઝાંસીની રાણી લક્ષ્મીબાઇ કે રઝિયા સુલતાન કે ડાકુરાણી ફૂલનદેવી પણ આવતી નજરે ચડે છે. ઘણી વખત ઊંટ સવારી કે હાથી સવારી પણ મેળામાં મળી આવે છે.

મિત્રો, મેળામાં મળતા રમકડાંની પણ અજીબ દાસ્તાન છે. આપણું બાળક કેવા પ્રકારના રમકડાં પસંદ કરે છે એના ઉપરથી આપણે એનું ભવિષ્ય, એનો સ્વભાવ અને વિચારને જાણી શકીએ છીએ. ઘણી વખત આપણામાં પણ બાળપણ જાગી જતું હોય છે. મેળાનું સૌથી વધુ વેચાતું-સૌથી વધુ બાળપ્રિય રમકડું હોય તો તે 'ફૂગ્ગો' છે. જગતનો કોઇ પ્રાદેશિક મેળો એવો નહીં હોય કે જેમાં રંગબેરંગી ફૂગ્ગાઓ ન મળતા હોય. મને લાગે છે કે ફૂગ્ગાઓને કારણે જ મેળાઓનો આરંભ થયો હોવો જોઇએ.

મેળો માણસને જેટલો બાહ્ય આનંદ આપે છે એટલો જ આંતરિક આનંદ પણ આપે છે. આમ જોઇએ તો મેળો એ યુવાહૈયાઓનું મિલન સ્થળ છે. અસંખ્ય પ્રેમીઓના જીવનનું એ 'એ.પી. સેન્ટર' બની રહે છે. કેમકે આ મેળાથી જ પ્રણયના ચક્રાવાતો સર્જાતા હોય છે. પ્રેમના અંકુરોમાંથી મોટા વટવૃક્ષ બનતા હોય છે અને એમાં ફળ પણ આવે છે. મેળામાં પોતાની મનપસંદ વ્યક્તિ પાછળ પાછળ ફરવાનો એક અલૌકિક આનંદ હોય છે અને એમાંય જો બાજુમાંથી પસાર થતા કે કોઇનો ધક્કો વાગતા પ્રિય પાત્રનો સ્પર્શ થઇ જાય તો મન-હૃદયમાં અનેક રંગબેરંગી ફૂગ્ગાઓ ઊડવા લાગે છે. એ સ્પર્શ જીવનનું અણમોલ સંભારણું બની રહે છે. પ્રેમપત્રો લખીને આપવા માટેનું ઉત્તમ સ્થળ મેળો છે. મેળો એટલે મનનો માણીગર મેળવવાનું મૌલિક મહામંડળ અથવા કાલ્પનિક પ્રિયતમાનું વાસ્તવિકતામાં રૂપાંતર કરી ચોજાયેલા સ્વયંવરમાં પોતાને વરમાળા આરોપતી રૂપકન્યાનો સાક્ષાત્કાર થાય એવું સ્થળ એટલે મેળો.

આજે ગીચ વસ્તી ધરાવતા મહાનગરની ઘણી બજારોમાં દરરોજ હજારોની-લાખોની માનવમેદની ભેગી થાય છે પણ એને મેળો નથી કહેવાતો. જ્યારે કોઇ ગામડાના પાદરમાં વાર-તહેવારે કે શ્રાવણ મહિનાના સોમવારે એકાદ-બે હજાર લોકો ભેગા થઇને ભવ્ય મેળાનો અહેસાસ કરાવે છે. કારણ કે મેળાનો પણ એક સ્વભાવ હોય છે. પ્રકૃતિ હોય છે. મનવિનાનો મેળો એ માત્ર ભીડ છે. મેળો માત્ર રંગબેરંગી ફૂગ્ગાઓ કે વસ્ત્રોથી કે રમકડાંઓથી નથી સર્જાતો આવા જ રંગો મનના પણ હોવા જરૂરી છે. રંગબેરંગી ઇચ્છાઓ ઊછળતી હોય, સપનાઓ દોડતાં હોય, સંવેદનાઓ છલકાતી હોય, વ્યથા અને વેદનાને પણ પાનેતર પહેરવાનું મન થઇ જાય એનું નામ મેળો. મુક્તતા અને મુગ્ધતા તથા સ્વતંત્રતાનું સંપૂર્ણ સ્વરૂપ અનુભવાય એનું નામ મેળો. મહાનગરના માયાવી બજારોમાં ચહેરા પર પફ અને પાવડર લગાવીને ચપોચપ વસ્ત્રો પહેરીને જતી યુવતીઓના 'મન' અને ગામડાના મેળામાં પોતાના દેહનું ભાન ભૂલીને હવામાં ઊછળતી-કૂદતી કોઇ ગ્રામ્ય યુવતીના 'મન' વચ્ચે અંધારી અને અજવાળી રાત જેટલો તફાવત હોય છે.

મેળો એટલે સામૂહિક મહોત્સવ. પુરાણોમાં રાજા જ્ય